ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬ અને ૨૬૩૦૦૬૬૪,
૨૬૩૦૦૮૩૪
ટેલિગ્રામ : યુનિગુજરાત

FAX : (079) 26302654
Tele. Phone : 26301341-26300342-43, 26300126 & 26300664
Grams : UNIGUJARAT

# ગુ જ રા ત યુ નિ વ ર્સિ ટી
# GUJARAT UNIVERSITY

(NAAC Accredited B++)
www.gujaratuniversity.org.in

**નં. પરીક્ષા/ ૬૧૭ /૨૦૧૧** **તા. ૨૨-૬-૨૦૧૧**

**પરિપત્ર નં. ૧૨૭**

આથી ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન તમામ અનુસ્નાતક વિભાગનાં વડાશ્રીઓ તથા સંલગ્ન કૉલેજોના આચાર્યશ્રીઓને જણાવવાનું કે, શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧થી અનુસ્નાતક કક્ષાએ અને શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨થી સ્નાતક કક્ષાએ સેમેસ્ટર તેમજ ગ્રેડ સિસ્ટમનો અમલ કરવામાં આવેલ છે. આ પદ્ધતિ અમલી થતાં વાર્ષિક પદ્ધતિમાં જે વિદ્યાર્થીઓ નાપાસ થયેલ છે તેઓના આગામી શૈક્ષણિક સત્રોમાં અભ્યાસ કરવાનો તથા ટર્મ ગ્રાન્ટ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય તેના સંદર્ભમાં ઍકેડેમિક કાઉન્સિલની તા. ૧૧-૬-૨૦૧૧ની સભાએ ઠરાવ ક્રમાંક ૧૦થી નીચે મુજબ ઠરાવેલ છે.

(૧) સ્નાતક અને અનુસ્નાતક કક્ષાએ ક્રમાનુસાર જે તે વર્ષમાં ટર્મ ગ્રાન્ટ થતા ઉપલા વર્ગમાં પ્રવેશ આપવો.

(૨) વાર્ષિક પદ્ધતિ મુજબનો અભ્યાસક્રમ-૨૦૧૫ સુધીમાં પૂર્ણ કરી લેવાનો રહેશે. અન્યથા નવેસરથી સેમેસ્ટર પદ્ધતિમાં દાખલ થવાનું રહેશે.

ઉપરોક્ત ઠરાવનાં સંદર્ભમાં નીચેની વિગતો સ્પષ્ટ કરવામાં આવે છે.

૧. સદર ઠરાવનો અમલ ક્રમશઃ કરવાનો રહેશે. એટલે શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨માં બી.એ., બી.કૉમ., બી.એસસી., બી.બી.એ., બી.સી.એ., એમ.એ., એમ.કૉમ. અને એમ.એસસી.માં માત્ર રેગ્યુલર અભ્યાસ કરતા પ્રથમ વર્ષનાં વિદ્યાર્થીઓ માટે તથા શૈક્ષણિક ૨૦૧૨-૧૩માં બીજા વર્ષનાં એટલે કે S.Y.ના વિદ્યાર્થીઓ માટે લાગુ પાડવાનો રહેશે.

૨. શૈક્ષણિક વર્ષ ૨૦૧૦-૧૧ કે અગાઉનાં શૈક્ષણિક વર્ષોમાં જે વિદ્યાર્થીઓ પ્રથમ વર્ષમાં નાપાસ હોય અથવા ટર્મ ગ્રાન્ટ થયેલ છે. તે તમામ વિદ્યાર્થીઓને શૈક્ષણિક વર્ષ ૨૦૧૧-૧૨માં બીજા વર્ષમાં પ્રવેશ આપવાનો રહેશે.

૩. શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩માં બીજા વર્ષમાં એટલે કે S.Y.ના જે વિદ્યાર્થીઓની ટર્મ ગ્રાન્ટ થયેલ હોય અથવા નાપાસ હોય તેઓની ત્રીજા વર્ષમાં પ્રવેશપાત્ર થાય છે. તેઓને શૈક્ષણિક વર્ષ ૨૦૧૨-૧૩માં પ્રવેશ આપવાનો રહેશે.

૪. વાર્ષિક પદ્ધતિ મુજબની પરીક્ષાઓ માર્ચ-એપ્રિલ-૨૦૧૫ સુધીમાં લેવામાં આવશે. ત્યાં સુધીમાં વાર્ષિક પદ્ધતિનાં અભ્યાસક્રમમાં પરીક્ષા આપતાં વિદ્યાર્થી પરીક્ષા પાસ કરી લેવાની રહેશે. ત્યાર બાદ ફરજિયાતપણે સેમેસ્ટર પદ્ધતિમાં દાખલ થવાનું રહેશે.

૫. જે વિદ્યાર્થીઓનું બીજા વર્ષનું પરિણામ પાસ હોય પરંતુ પ્રથમ વર્ષની ATKTના કારણે અનામત (O. ૧૨૭ Withheld) હેઠળ રાખવામાં આવેલ હોય તેવા વિદ્યાર્થીઓને પણ ત્રીજા વર્ષમાં પ્રવેશ આપી શકાશે.

૬. આપની સંસ્થાના ચાલુ શૈક્ષણિક વર્ષના તેમજ અગાઉના શૈક્ષણિક વર્ષોના સંબંધિત તમામ વિદ્યાર્થીઓને ઉપરોક્ત ઠરાવની જાણ કરવી. જેથી આગામી શૈક્ષણિક વર્ષોમાં તેઓના પ્રવેશ બાબતે કોઈ પ્રશ્નો ઉપસ્થિત થાય નહિં. તેમજ વિદ્યાર્થીઓ પોતાના પ્રવેશ બાબતે હક્ક દાવો કરી શકે નહિં.

કા. કુલસચિવ વતી

પ્રતિ,

૧. યુનિવર્સિટી સ્થાપિત અનુસ્નાતક વિભાગના વડાશ્રીઓ.

૨. યુનિવર્સિટી સંલગ્ન આર્ટ્સ, કૉમર્સ, સાયન્સ, બી.બી.એ. અને બી.સી.એ. કૉલેજના આચાર્યશ્રીઓ.

૩. કુલસચિવશ્રીના અંગત મદદનીસ,

૪. કુલપતિશ્રીના અંગત મદદનીશ,

૫. માહિતી વિભાગ તરફ.